Liberty Equality Fraternity

**SAURASHTRA UNIVERSITY**

**Babasaheb Dr. B. R. Ambedkar Chair-Centre**

**[Estb.: Govt. of Gujarat]**

**Building No.9, Second Floor, University Campus, Rajkot – 360005**

**Phone No.: (0281) 2578501 (Ext. No.429), E-mail Id: dbachair@sauuni.ac.in, Web : www.bac.org.in**

**બાબાસાહેબ ડૉ.બી.આર. આંબેડકર ચેર–સેન્ટર**

(ગુજરાત સરકારશ્રી દ્વારા સ્થાપિત)

**સૌરાષ્ટ્ર યુનિવર્સિટી, રાજકોટ–૩૬૦૦૦૫** **પરિશિષ્ટ–૮**

**BAC/ ભીમરત્ન એવોર્ડ : ૨૦૨૪–૨૫, તા.૦૪/૦૪/૨૦૨૪**

# ભીમરત્ન એવોર્ડ

**વંચાણે લીધા**

(૧) ગુજરાત સરકાર, સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ ઠરાવ ક્રમાંક–અબડ/૧૦૨૦૧૬/૬૩૭૦૫/હ (IWDMS/:-71550) સચિવાલય ગાંધીનગર તા.૨૯/૦૪/૨૦૧૬

(૨) ન.અજાક ગ–૧/૧/૨૦૧૭–૧૮/૨૨૫૪–૫૮ નિયામક અનુસૂચિત જાતિ કલ્યાણ, ૪/૨, ડૉ.જીવરાજ મહેતા ભવન, ગુજરાત રાજ્ય ગાંધીનગર, તા.૨૦/૦૫/૨૦૧૭ની માર્ગદર્શિકા

(૩) ચેર–સેન્ટરની તા.૦૪/૦૪/૨૦૨૪ની સલાહકાર સમિતિમાં થયેલા નિર્ણયો.

## (૧) પ્રસ્તાવના :

ભારત ભૂમિની વિશેષતા એ રહી છે કે, સદીઓથી કોઈ નરવીર પોતાના કાર્યથી ભારતીય જીવનને સુવ્યવસ્થિત કરે છે. ડૉ.બી.આર.આંબેડકરજી પણ પોતાના ચિંતન દ્વારા ૧૯મી સદીમાં સામાજિક પરિવર્તનનું કાર્ય કર્યુ છે. સાથે સાથે તેનું અનેક ક્ષેત્રમાં પ્રદાન રહ્યું છે. સામાજિક, શૈક્ષણિક, આર્થિક, રાજકીય, ધાર્મિક આ બધા જ ક્ષેત્રોમાં સમાજને પાથેય પૂરું પાડયું છે. ડૉ. આંબેડકરજીના આ વિચારોને સમાજમાં મૂકવા માટે ગુજરાત સરકાર દ્વારા ડૉ. બી. આર. આંબેડકર ચેર–સેન્ટરની સ્થાપના કરી છે. ચેરની ગાઈડ–લાઈન મુજબ અલગ–અલગ પ્રવૃત્તિઓ દ્વારા ડૉ.આંબેડકરજીના ચિંતનને સમાજમાં પ્રસાર કરવા માટે સૌરાષ્ટ્ર યુનિવર્સિટીમાં બાબાસાહેબ ડૉ.આંબેડકરના મહાપરિનિર્વાણ દિવસ ૬ ડિસેમ્બર–૨૦૧૬થી ચેર–સેન્ટર કાર્યરત છે. ડૉ.બી.આર. આંબેડકર ચેર– સેન્ટર, સૌરાષ્ટ્ર યુનિવર્સિટી રાજકોટ, દ્વારા 'ભીમરત્ન એવોર્ડ'થી સમાજના વિદ્વાન, લેખકો, અધ્યાપકો, સંશોધકોને સન્માનિત કરવાનું આયોજન કર્યું છે. ડૉ. આંબેડકરના જીવન, કવન અને તત્ત્વજ્ઞાન પર વિશેષ પ્રદાન કરવામાં આવ્યું હોય, તથા ચેર–સેન્ટરના ઉદ્દેશ્યો મુજબના કાર્યો કર્યા હોય તેવા વિદ્વાનને પ્રેરણા અને પ્રોત્સાહન માટે આ યોજના અમલમાં મૂકવામાં આવી.

## (૨) યોજનાનું નામ :

**' ભીમરત્ન એવોર્ડ '**

## (૩) યોજનાનું ધ્યેય :

- ડૉ. આંબેડકરજીના સંઘર્ષાત્મક જીવનથી યુવાનોને પ્રેરણા આપનાર અને સમાજસેવામાં ઉત્કૃષ્ઠ પ્રદાન.
- ડૉ. આંબેડકરજીના સામાજિક ન્યાયના ધ્યેયને ચરિતાર્થ કરવા યુવાનોને જાગૃત કરવા.
- ડૉ.આંબેડકરજીના ઉત્તમ જીવનદર્શનને લોકોમાં પ્રસ્થાપિત કરવા.
- ડૉ.આંબેડકરજીના શૈક્ષણિક ચિંતનને જન સમાજ સુધી પહોંચાડવા માટે પ્રેરણા આપવી.
- ભારતીય યુવાનોને લોકશાહીના સિદ્ધાંતોથી અવગત કરવા પ્રેરણા આપવી.

- સમાજ અને રાષ્ટ્ર પ્રત્યે યુવાનો પોતાનું યોગદાન આપી શકે તે માટે રાષ્ટ્રીય ભાવના જાગૃત કરવી.
- સમાજમાં ઉત્કૃષ્ટ કામગીરી કરતા લોકોને પ્રોત્સાહિત કરવા.
- અનુસૂચિત જાતિના વિદ્વાનો, અધ્યાપકો, ચિંતકો, લેખકો, શિક્ષણ માટે પ્રોત્સાહન આપનાર સામાજિકોને આવા એવોર્ડથી રાષ્ટ્ર ઉત્થાનના તેઓના કાર્યોને બિરદાવવા.

## (૪) સન્માન :

આ યોજના અંતર્ગત પસંદગી સમિતિ દ્વારા સૌરાષ્ટ્ર વિસ્તાર અથવા જરૂરી પડે તો ગુજરાત રાજ્યના એક વ્યક્તિને સન્માન કરવા પસંદગી કરવામાં આવશે. 'ભીમરત્ન એવોર્ડ' માટે પસંદગી થયેલ વ્યક્તિને રૂા. ૨૫,૦૦૦/– સન્માનનિધિ, મોમેન્ટો/પ્રશસ્તિપત્ર અને શાલ દ્વારા સન્માનિત કરવામાં આવશે.

## (૫) પસંદગી સમિતિ :

ભીમરત્ન એવોર્ડ માટેની પસંદગી સમિતિ નીચે પ્રમાણે રહેશે.

(૧) માનનીય કુલપતિશ્રી, સૌરાષ્ટ્ર યુનિવર્સિટી, રાજકોટ અથવા પ્રતિનિધિ.

(૨) ચેર–સેન્ટરની સલાહકાર સમિતિના સદસ્યશ્રીઓમાંથી માન.કુલપતિશ્રી દ્વારા નિયુક્ત એક સદસ્ય.

(૩) સૌરાષ્ટ્ર વિસ્તારના સામાજિક અને શૈક્ષણિક ક્ષેત્રે ઉત્કૃષ્ટ કામગીરી કરતા અનુ.જાતિના માન.કુલપતિશ્રી દ્વારા નિયુક્ત એક સદસ્ય.

(૪) નાયબ નિયામકશ્રી, અનુજાતિ કલ્યાણ કચેરી, બહુમાળી ભવન, રાજકોટ.

આ ચાર સદસ્યોમાંથી ક્રમ ૨ થી ૪ માંથી બે સદસ્યો જરૂરી છે અને કુલ ત્રણ સદસ્યોની કોરમ પૂર્ણ ગણાશે.

## (૬) એવોર્ડ માટેની પસંદગી અને અર્પણ :

પ્રતિવર્ષ ડૉ. આંબેડકરજીના નિર્વાણ દિવસે માનનીય કુલપતિશ્રી દ્વારા આ એવોર્ડ માટે સન્માનિત વ્યક્તિના નામની જાહેરાત કરવામાં આવશે. એવોર્ડ માટેની પસંદગી સમિતિના સદસ્યશ્રીઓ સમાજમાંથી સૌરાષ્ટ્ર વિસ્તારમાંથી અને જો જરૂર પડે તો ગુજરાત રાજ્યના કોઈપણ જિલ્લામાંથી 'ભીમરત્ન' એવોર્ડ માટે નામની પસંદગી કરશે. આ એવોર્ડ માટે કોઈ અરજી કરવાની રહેશે નહીં, તેમજ કોઈ ભલામણ પણ પસંદગી સમિતિ સ્વીકારશે નહીં. પસંદગી સમિતિને જે નામ યોગ્ય લાગે તે વ્યક્તિનું નામ બંધ કવરમાં માનનીય કુલપતિશ્રીને સુપ્રત કરશે.

## (૭) સામાન્ય નિયમો :

(૧) છેલ્લા ૧૦ વર્ષમાં શૈક્ષણિક, સામાજિક ક્ષેત્રે ડૉ. આંબેડકરજીના જીવન, કાર્ય અને ચિંતન ઉપર સમાજ ઉપયોગી અને પ્રેરણાદાયિ કાર્ય.

(૨) બાબાસાહેબ ડૉ. બી.આર. આંબેડકર ચેર–સેન્ટરના ઉદ્દેશ્યોને સિદ્ધ કરતા હોય તેવા કાર્યો છેલ્લા ૧૦ વર્ષમાં કરેલા હોય.

(૩) સામાજમાં સ્વીકૃત અને પ્રશંસનીય ઉત્તમ કાર્યો અને ડૉ. આંબેડકરજીના ચિંતનને સમાજના છેવાડાના માનવી સુધી શૈક્ષણિક, સામાજિક સંશોધનાત્મક કાર્યો દ્વારા પ્રસરાવ્યું હોય તેવા વ્યક્તિ વિશેષ.

(૪) અનુસૂચિત જાતિમાં ખાસ કરીને શૈક્ષણિક ક્ષેત્રે મહત્ત્વનું પ્રદાન કર્યું હોય.

(૫) આ નિયમોમાં ફેરફાર કરવાનો, સુધારા કરવાનો અંતિમ નિર્ણય યુનિવર્સિટીના કુલપતિશ્રીનો રહેશે.